**CC NO. 1068/1994**

## :: આંક–૦૧ નીચે હુકમ ::

(૧) વિ.એ.પી.પી.શ્રીએ હાલની અરજી ક્રિમીનલ પ્રો.કોડની કલમ –૩૨૧ મુજબની પરવાનગી કમ વિડ્રો કરવી. આ કામના આરોપી ઘણા લાંબા સમયથી મળી આવતા નથી તેવા શેરા સાથે તેઓના પ્રોસેસ પરત આવેલ છે.

(૨) આરોપીની વિરૂધ્ધ કેસની હકીકત અને સજાની જોગવાઈ અને સરકારરીનું નોટીફીકેશન તથા અદાલત ધ્વારા કલેકટરશ્રીને મોકલવામાં આવેલ લિસ્ટ ઉપર વિ.એ.પી.પી.શ્રીએ કરેલ શેર અને કલેકટરશ્રીને મોકલવામાં આવેલ લિસ્ટ ઉપર વિ.એ.પી.પી.શ્રીએ કરેલ શેરો અને કલેકટરશ્રીએ તેમના પત્ર ક્રમાંક ડી.સી./એડીએમ/મેટ્રોકોર્ટ/લોકઅદાલત/ ડોરમેટ કેસ પરત/૨૦૨૩ તા.૦૫/૦૫/૨૦૨૩ થી આ કેસો પરત ખેંચવા વિ.એ.પી.પી.શ્રીએ અરજથી તે બાબતની પરવાનગી માંગેલ છે તથા વિડ્રો પુરસીસ આપેલ છે અને તે સંજોગોમાં વિ.એ.પી.પી.શ્રીની અરજી તથા કલેકટરશ્રીના ઉપરોકત પત્ર અન્વયે ન્યાયના વિશાલ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

### :: હુ ક મ ::

- સદર કેસ ક્રિમીનલ પ્રો.કોડ.ની કલમ – ૩૨૧ મુજબ પરત ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે. આરોપીને ગુનામાંથી બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- આ કામે મુદ્દામાલ અંગે વચગાળાના તબકકે કોઈ હુકમ થયો હોય તો તે કાયમ કરવામાં આવે છે, જો મુદ્દમાલ પો.સ્ટે.માં પડતર હોય તો કિંમતી મુદ્દામાલ માલિકીની ખરાઈ કરી માલિકને પરત સોંપવો. બિન કિંમતી મુદ્દામાલનો નાશ કરવો. મુદ્દામાલ અંગે ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ અનુસરવી.

હુકમ આજરોજ તારીખ:૧૩ મી, માહે. મે., સને–૨૦૨૩ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

મુ. અમદાવાદ.
તા.૧૩/૦૫/૨૦૨૩

(વી. જી. રાણા)
એડી.ચીફ. મેટ્રો. મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૨૩, અમદાવાદ.
કોડ નં. જીજે.૦૦૯૬૪

-